THIS IS A NEW SPECIFICATION

OCR
RECOGNISING ACHIEVEMENT

**ADVANCED SUBSIDIARY GCE**

# GUJARATI

**F883**

Listening, Reading and Writing 1

**SPECIAL SHEET**

*OCE/T77996*

**Wednesday 20 May 2009**
**Afternoon**

**Duration:** 2 hours 30 minutes

**INSTRUCTIONS TO CANDIDATES**

- This Special Sheet is for use with Task 5 and Task 6.

**INFORMATION FOR CANDIDATES**

- This document consists of **4** pages. Any blank pages are indicated.

© OCR 2009 [H/500/8403]
SPA (SJF5074) T77996/3
OCR is an exempt Charity

## સંયુક્ત કુટુંબ અને વિભક્ત કુટુંબ

વસુધા: આપણા સમાજમાં બે પ્રકારના પરિવારો જોવા મળે છે, સંયુક્ત કુટુંબ અને વિભક્ત કુટુંબ. દરેક પરિવાર તેમની આર્થિક પરિસ્થિતિ, કામધંધાની સગવડ, વગેરે વ્યક્તિગત કારણોને ધ્યાનમાં લઇ સંયુક્ત કુટુંબ અથવા વિભક્ત કુટુંબમાં જીવવાનું પસંદ કરે છે. જો કે વિભક્ત કુટુંબ અને સંયુક્ત કુટુંબ બંનેમાં જીવવાના ફાયદા અને ગેરફાયદા છે.

માસૂમા: સંયુક્ત કુટુંબમાં રહેવાના ઘણા ફાયદા છે. પરસ્પરનો ખ્યાલ રખાય એટલે આપણે સ્વકેન્દ્રી બનતા નથી. એકબીજાને મદદરૂપ બની શકાય છે. ઘરડાં, બીમાર, બેરોજગારને નૈતિક કે આર્થિક સહાય આપી શકાય. નાના બાળકોનો ઉછેર અને તેમનામાં સંસ્કારોનું સિંચન દાદા-દાદીને હાથે જ થાય. એક ઘરમાં બધાં સાથે રહે તો એકંદરે ઘરખર્ચ પણ ઓછો આવે.

કેતન: ના, હું વિભક્ત કુટુંબમાં રહેવાનું પસંદ કરૂં. વિભક્ત કુટુંબમાં આપણે આપણી ઇચ્છા મુજબ જીવી શકીએ, કોઇની રોકટોક નહીં કે કોઇ સાથે ઝઘડા થવાની ચિંતા નહીં. આપણને બીજા પર આધાર રાખવાની ટેવ ન પડે એટલે આપણે સ્વાવલંબી બનીએ. આ દેશમાં આપણે નિવૃત્તિ ભથ્થાની અગાઉથી જોગવાઇ કરીએ છીએ તેમ બીમારી અને બેકારીના સમયની સમસ્યા હલ કરવા માટે પણ વ્યવસ્થા કરવામાં આવી છે. ગુજરાતમાં પણ વિભક્ત કુટુંબો સારી રીતે જીવન જીવે જ છે.

કેવિન: મને તો સંયુક્ત પરિવારમાં રહેવાનું ગમે. એક ઘરમાં બધાં સાથે રહેતા હોય એટલે તમે ક્યારેય એકલા ન પડો અને જો ક્યારેક તમને એકાંતની જરૂર હોય તો આમેય તમારો પોતાનો ઓરડો તો હોય જ છે. આપણે કોલેજથી કે કામ પરથી ઘરે પાછા આવીએ ત્યારે ઘરે આપણા દાદા-દાદી કે કાકા-કાકી આપણને આનંદથી આવકારે તો કેવું સારું લાગે! એમનો લાગણીમય આવકાર મળતાં જ આખા દિવસનો થાક ઊતરી જાય!

મનજિત: મને નથી લાગતું કે પરિવારમાં રહેવા માટે કોઇ એક જ પધ્ધતિ યોગ્ય છે. જ્યાં સુધી કુટુંબના સભ્યોમાં પરસ્પર સમભાવ હોય, એકબીજાને મદદરૂપ થવાની ભાવના હોય તો તમે એક છાપરા નીચે રહો કે અલગ રહો, કૌટુંબિક ભાવનાને કોઇ ઠેસ પહોંચતી નથી. ક્યારેક સાથે રહેવાથી સંબંધો બગડે છે તો કયારેક દૂર રહેવાથી સંબંધો સારા રહેવાના પણ દાખલા જોવા મળે છે.

© OCR 2009

## સચિન તેંડુલકર

સચિન તેંડુલકરનો જન્મ મુંબઇના બ્રાહ્મણ પરિવારમાં થયો હતો. સચિનના પિતાજી, રમેશ તેંડુલકર જાણીતા લેખક હતા. રમેશ તેંડુલકરે તેમના માનીતા સંગીતકાર સચિન દેવ બર્મનના નામ પરથી પોતાના દીકરાનું નામ સચિન રાખ્યું હતું.

સચિનના મોટાભાઇ અજિત તેંડુલકરે તેને ક્રિકેટ રમવા માટે ઉત્તેજન આપ્યું હતું. સચિને શારદાશ્રમ વિદ્યામંદિર શાળામાં અભ્યાસ કર્યો હતો, જ્યાંથી એની કારકિર્દીના આરંભમાં સચિન બોલર બનવાની તાલીમ લેતો હતો ત્યારે તેના તાલીમ આપનારે તેને ફક્ત બેટિંગ પર ધ્યાન આપવાની સલાહ આપી હતી, જેને પરિણામે હર સમયના સૌથી કુશળ બેટધારીઓમાંનો એક એવો સચિન સફળતાની ટોચે પહોંચ્યો હતો.

નિશાળની એક રમતમાં સચિને એના મિત્ર વિનોદ કાંબલી સાથેની ભાગીદારીમાં ૬૬૪ રન કર્યાનો વિક્રમ સર્જયો હતો. આ વિનાશક જોડીની ભાગીદારીએ એક ખેલાડીની આંખોમાં આંસુ લાવી દીધા હતા અને બીજા પ્રતિસ્પર્ધીઓને રમત ચાલુ રાખવા માટે નાઉમેદ કરી દીધા હતા! આ દાવમાં સચિને ૩૨૦થી વધારે અને સ્પર્ધામાં એક હજારથી વધારે રન કર્યા હતા. ક્રિકેટના કોઇપણ રૂપમાં, આ ભાગીદારીએ ૨૦૦૬ સુધી વિક્રમ રાખ્યો હતો.

જ્યારે સચિન ૧૪ વર્ષની ઉંમરનો હતો ત્યારે ધરખમ બેટધર સુનિલ ગાવસ્કરે વાપરેલા પોતાના અત્યંત હળવા પેડ્ઝ (ક્રિકેટ રમતી વેળા પહેરવાના) તેને ભેટ આપ્યા હતા. તે સમયે સુનિલ ગાવસ્કર ભારતીય ક્રિકેટનો બાદશાહ હતો અને તે સચિનની પ્રેરણામૂર્તિ હતો. લગભગ બે દાયકા બાદ સચિને જણાવ્યુ હતું કે એ ભેટનો પ્રસંગ એને ઉત્તેજન આપવા માટે સૌથી મહાન પ્રસંગ હતો. ૧૫ વરસની ઉંમરે સચિન આંતરપ્રાંતીય સ્પર્ધામાં ૧૦૦ રન કરનાર સૌથી નાનો ખેલાડી હતો.

સચિન બંને હાથે કુશળતાથી કામ કરનાર, ઉભયગુણી છે, એટલે કે એ જમણે હાથે બેટિંગ કરે છે, બોલિંગ કરે છે અને ડાબા હાથે લખવાનું પસંદ કરે છે. સચિનના લગ્ન ૧૯૯૫માં ગુજરાતના એક જાણીતા ઉદ્યોગપતિની દીકરી અંજલિ સાથે થયા હતા. ક્રિકેટની રમતમાં અતિ વ્યસ્ત રહેવા છતાં સચિન પોતાના કુટુંબ માટે મહત્વનો સમય ફાળવે છે. સચિન ઘણીવાર ભારતીય કેપ્ટન સાથે ચર્ચા કરવામાં અને વ્યૂહ રચવામાં સંકળાયેલો જોવા મળે છે.

© OCR 2009

